

# દેશના ભૂતકાળ , વર્તમાન અને ભવિષ્યને જાણવાનો પ્રયાસ

**આઇઆઇટી ગાંધીનગરના પાલજ કેમ્પસમાં** 'ઇન્ડિયા કી ખોજ' પ્રોગ્રામની છઠ્ઠી એડિશનનો પ્રારંભ થયો છે. આ એક કલ્ચરલ ઇમર્સન પ્રોગ્રામ છે. જેને દર વર્ષે આઇઆઇટી જીએન, કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને જાપાન એડવાન્સ્ડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા સાથે મળીને યોજવામાં આવે છે. આ નવ દિવસના પ્રોગ્રામમાં વિવિધ ડિસિપ્લિન્સમાંથી 30 જેટલા સ્ટુડન્ટ્સ ભાગ લઈ રહ્યા છે. આ પ્રોગ્રામ વિદેશી અને ભારતીય સ્ટુડન્ટ્સના મનમાં ભારત માટેના વિચારો બદલવા માટે યોજાય છે. જેમાં લેક્ચર્સ, ફિલ્ડ વિઝિટ્સ અને કલ્ચરલ પરફોર્મન્સિસનો સમાવેશ થાય છે. આ પ્રોગ્રામને ફન અને લર્નિંગના બેલેન્સરૂપે ડિઝાઇન કરાયો છે. આ બધાથી સ્ટુડન્ટ્સને ભારતના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને જાણવાની તક મળી રહી છે.

**Title:** Attempt to know the past, present and future of the country
**Source**: Navgujarat Samay( Gandhinagar Samay Pg.4 )
**Date:**13/12/2017